# આજથી સંસદનુ શિયાળુ સત્ર

## ગૃહમાં ફરજિયાત હાજરી આપવા તમામ સાંસદોને મોદીનો આદેશ : શિયાળુ સત્ર તોફાની બનવાના સ્પષ્ટ સંકેત

## કાળા નાણાં, ત્રાસવાદ, મોંઘવારી સહિતના મુદ્દાઓ છવાઇ જશે : સુધારાઓને હાથ ધરવા માટે સરકાર મક્કમ

નવીદિલ્હી,તા. ૨૩

સંસદનુ શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. નરેન્દ્ર મોદી સરકાર આ સત્ર દરમિયાન વધુ કેટલાક આર્થિક સુધારા બિલને હાથ ધરવા માટે ઉત્સુક દેખાઈ રહી છે. શિયાળુ સત્ર તોફાની બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. મોદી સરકાર વિરોધ પક્ષોનો સામનો કરવા માટે કમર કસી ચુકી છે. શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થયા બાદ ૨૩મી ડિસેમ્બર સુધી ચાલશે. આ સત્ર દરમિયાન ૨૨ બેઠકો યોજાનાર છે. સત્ર દરમિયાન મોંઘવારી,કાળા નાણાં, ત્રાસવાદ અને અન્ય તમામ મુદ્દા પણ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સંસદ સમક્ષ હાલમાં કુલ ૬૭ બિલ પેન્ડિગ પડેલા છે. જે પૈકી નવ બિલ એવા છે જે સંસદના અગાઉના સત્રમાં રજૂ કરવામાં આવ્યા હતા. યુપીએ-૨ના ગાળા દરમિયાન એટલે કે ૧૫મી લોકસભામાં ૪૦ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉની લોકસભામાંથી અન્ય ૧૮ બિલ પેન્ડિગ બિલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમાં સત્ર દરમિયાન હાજરી આપવા માટે તમામ એનડીએ સાંસદોને આદેશ કર્યો છે. તમામ એનડીએના સાંસદોને તમામ અન્ય કામ બાજુએ મુકીને સંસદના સત્ર દરમિયાન હાજરી આપવા માટે આદેશ આપવામાં આવ્યા પછી સત્ર દરમિયાન હાજરી ફુલ રહે તેવી શક્યતા છે. આગામી મહિને ક્રિસમસ પહેલા સત્રની પૂર્ણાહુતિ થઈ જશે. સત્ર સવારે ૧૧ વાગે શરૂ થઈ જશે. ગયા મહિનામાં જ ટી પર વડાપ્રધાન મોદીએ તમામ સાથી પક્ષોના સાંસદો સાથે વાતચીત કરી હતી. સંસદની કામગીરી સાનુકુળ રીતે ચાલે તે માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. મોદી પોતે સભ્યો હાજરી આપી રહ્યા છે કે કેમ તેને લઈને ચાંપતી નજર રાખનાર છે.સંસદ સત્ર ચાલુ રહે તે દરમિયાન સભ્યો હાજર રહે તેવી જોગવાઈ છે પરંતુ વારંવાર સભ્યો ગૃહમાં હાજરી આપતા નથી. ગયા સત્રમાં મોદી સરકારને કેટલીક તકલીફોનો સામનો કરવો પડ્યો હતો કારણ કે તેમના વિભાગ સાથે સંબંધિત મુદ્દા વેળા જ પ્રધાનો હાજર મળ્યા ન હતા. સંસદના આ સત્ર દરમિયાન કેટલાક એવા બિલ છે જેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. જે પેન્ડિગ બિલ છે તેમાં ૧૧ બિલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ સાથે સંબંધિત છે. જેમાં મેન્ટલ હેલ્થકેર બિલ ૨૦૧૩, ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ સુધારા બિલ ૨૦૧૩, એચઆઈવી (અટકાયત અને નિયંત્રણ) બિલ ૨૦૧૪નો સમાવેશ થાય છે. નવ બિલ શ્રમ અને રોજગાર સાથે સંબંધિત છે. સંસદનુ શિયાળુ સત્રને લઈને મોદી સરકારે નવી વ્યુહરચના અપનાવી છે. કેટલાક અન્ય બિલ પણ હાથ ધરવામાં તેવી શક્યતા છે. ભારતની પરોક્ષ સુધારા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાના હેતુસર નાણાં મંત્રી અરુણ જેટલી સંસદના શિયાળું સત્રમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) રજુ કરે તેવી શક્યતા છે.



## સરકારને ભીસમાં લેવા માટે વિરોધ પક્ષ મક્કમ

### જનતા પરિવાર સાથે મળી મેદાનમાં ઉતરશે : કાળા નાણાં-વિવિધ કલ્યાણ યોજનાઓમાં કાપ મુકવાનો મુદ્દો છવાશે : જેડીયુ અને આરજેડીની સંયુક્ત વ્યૂહરચના

નવીદિલ્હી, તા. ૨૩

સંસદનુ શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો પણ મોદી સરકારને જુદા જુદા વિષય પર ભીસમાં લેવા માટે કમર કસી ચુક્યા છે. કોંગ્રેસ સહિતના પક્ષો લડાયક મુડમાં દેખાઈ રહ્યા છે. જેડીયુ, આરજેડી, સમાજવાદી પાર્ટીનું કહેવું છે કે, તેઓ વધુ અસરકારકરીતે સાથે મળીને રજૂઆત કરશે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકારને કાળા નાણાના મામલે મુશ્કેલીમાં મુકવા માટે કોંગ્રેસ મક્કમ છે. કાળા નાણાને સરકાર આવ્યા બાદ ભારતમાં લાવવા અને ગરીબ લોકોને આપી દેવાની ખાતરી ભાજપ દ્વારા પ્રચાર દરમિયાન આપવામાં આવી હતી. પરંતુ સરકાર આવ્યાના છ મહિના બાદ પણ કાળા નાણાના મુદ્દે કોઈ પ્રગતિ થઈ નથી. કોંગ્રેસ આ મુદ્દો જોરદાર રીતે ચગાવવા માટે તૈયાર છે. આ ઉપરાંત કોંગ્રેસ બ્રષ્ટાચારને લઈને પણ મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. માંધવારીનો મુદ્દો પણ ચમકી શકે છે. બીજી બાજુ ભાજપ સરકાર વિરોધ પક્ષોનો સામનો કરવા માટે તેની નિતી તૈયાર કરી ચુકી છે. તે આર્થિક સુધારાને આગળ વધારવા અને હાલમાં રજૂ કરવામાં આવેલી કલ્યાણ યોજનાનો મુદ્દો ઉઠાવીને બચાવ કરશે.કોંગ્રેસ ઉપરાંત ડાબેરી અને અન્ય પક્ષો પણ પોત પોતાના મુદ્દા ઉઠાવી શકે છે. સત્રને સાનુકુળ રીતે હાથ ધરવા માટે સરકાર ઉત્સુક છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી કહી ચુક્યા છે કે મોદી સરકાર કેટલીક સમાજ કલ્યાણની યોજનાઓને બંધ કરી રહી છે.

## ઝારખંડ અને જમ્મુ કાશ્મીર ચૂટંણી પ્રચારનો આખરે અંત

### મતદાનને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ : મંગળવારે મતદાન : ઝારખંડમાં ૧૩, જમ્મુ કાશ્મીરમાં ૧૫ સીટ માટે પ્રથમ ચરણમાં મતદાન માટે તૈયારી પૂર્ણ

નવીદિલ્હી, તા. ૨૩

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં ૨૫મી નવેમ્બરના દિવસે યોજાનાર પ્રથમ તબક્કાના મતદાન માટે આજે પ્રચારનો અંત આવ્યો હતો. પ્રથમ તબક્કામાં જમ્મુ કાશ્મીરમાં ૧૫ બેઠકો અને ઝારખંડમાં ૧૩ બેઠકો માટે મતદાન યોજનાર છે. મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી.કોગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. શ્રીનગરતી પ્રાપ્ત અહેવાલ મુજબ જમ્મુ કાશ્મીરમાં પ્રતમ તબક્કામાં ૧૫ બેઠકો માટે મતદાન યોજનાર છે. પ્રથમ તબક્કા માટે બે મહિલા સહિત ૧૨૩ ઉમેદવારો મેદાનમાં છે. ૧૭૮૭ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં ૧૦.૬ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર ચે. જે પૈકી પુરષ મતદારોની સંખ્યા ૫.૬ લાખ અને મહિલા મતદારોની સંખ્યા ૫ લાખની આસપાસ છે. જમ્મુ પ્રદેશની છ, કાશ્મીરની પાંચ અને લડાખની ચાર બેઠકો માટે મતદાન યોજનાર છે.

પ્રથમ તબક્કામાં ભાજપે ૧૩, બસપ દ્વારા આઠ ઉમેદવારોને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે. કોંગ્રેસે તમામ ૧૫ અને પીડીપી દ્વારા ૧૪ ઉમેદવારોને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા છે. આજે પ્રચાર દરમિયાન તમામ પાર્ટીના નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી હતી. ભાજપ પ્રથમ વખત રાજ્યમાં સરકાર બનાવવા માટે ઉત્સુક છે. તે મિશન ૪૪ને લઈનેવ્યસ્ત છે. મોદી પ્રચાર કરવામાં વ્યસ્ત રહ્યા છે. બીજી બાજુ ઝારખંડમાં પણ ભાજપ લડાયક છે. બન્ને રાજ્યોમાં પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે. તમામ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ પગલા લેવામાં આવ્યા છે. મતદાન દરમિયાન અનિચ્છનીય બનાવને ટાળવા સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે.

# ઝારખંડ-જમ્મુ કાશ્મીરમાં ભાજપ સૌથી મોટી પાર્ટી

### ઓપનિયન પોલના તારણ : ભાજપ છાવણીમાં વધુ ગણતરી શરૂ : મોદીની લહેર વચ્ચે સફળતા મળશે પરંતુ નવા પોલ મુજબ બહુમતિ આંકડો બન્ને રાજ્યોમાં મેળવી લેવા ભાજપને મહેનત કરવી પડશે : પીડીપી મજબૂત

નવી દિલ્હી,તા. ૨૩

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે નવા પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે નરેન્દ્ર મોદીની લહેર પર આધારિત ભાજપ માટે આ વખતે માર્ગ સરળ રહેશે નહી. ઓપિનિયન પોલ મુજબ બન્ને રાજ્યોમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ચોક્કસપણે ઉભરીને આવસે પરંતુ બન્ને રાજ્યોમાં બહુમતિના આંકડા સુધી પહોંચવામાં સફળતા નહી મળે તેવી શક્યતા છે. બહુમતિ સુધી પહોંચી જવા માટે ભાજપને હજુ પણ ખુબ મહેનત કરવી પડશે. ઓપિનિયન પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે જમ્મુ કાશ્મીરમાં ભાજપને ૮૭ બેઠકો પૈકી વિધાનસભાની ૨૪-૩૦ બેઠકો મળી શકે છે. જ્યારે પીડીપી ૨૮-૩૬ બેઠકો મેળવી શકે છે. આવી રીતે બન્ને પાર્ટી બહુમતિના ૪૪ના આંકડા સુધી પહોંચવામાં સફળ થાય તેવી શક્યતા ઓછી છે. નેશનલ કોન્ફરન્સને સાતથી ૧૪ બેઠકો મળી શકે છે. ઝારખંડ માટે પણ ભાજપની ચિંતા અકબંધ રહી છે. ભાજપ અહીં બહુમતિના ૪૧ ના આંકડા સુધી પહોંચી શકશે નહી. એબીપી નીલસનના સર્વેમાં ભાજપ ગઠબંધનને ૩૭ અને કોંગ્રેસ-જેડીયુ-આરજેડી ગઠબંધનને ૨૩ બેઠકો મળવાની વાત કરવામાં આવી છે. જો કે અન્ય એક ચેનલના સર્વેમાં ભાજપને ઝારખંડમાં ૪૨થી ૪૬ બેઠકો મળવાની વાત કરવામાં આવી છે. સી વોટર ઈન્ડિયા ટીવી અને ન્યુઝ નેશન તેમજ એબીપી નીલસન દ્વારા તેમના પ્રાથમિક સર્વેના આંકડા જારી કરવામાં આવ્યા છે. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. મોદી લહેર જોવા મળી હતી. હરિયાણાના રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપની સરકાર બની ગઈ છે. બીજી બાજુ મહારાષ્ટ્રમાં પણ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. ભાજપે અહી પણ સરકાર બનાવી છે. જો કે તે બહુમતિના આંકડાથી સહેજ દુર રહી ગઈ હતી. જુદા જુદા ઓપનિયન પોલના તારણને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ભાજપની છાવણી ચિંતિત છે.

## દિલ્હીમાં વિમાનીમથક પર ત્રાસવાદી હુમલાનો ખતરો

### સીસીટીવી અને પેટ્રોલિંગ જેવા પગલાની રજૂઆત : વિમાનીમથકે પાંચ જગ્યા એવી છે જ્યાંથી કોઇ ફ્લાઇટને ટાર્ગેટ બનાવી શકાય છે : વધુ ધ્યાન આપવાની રજૂઆત

નવીદિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પાંચ જગ્યાએ ત્રાસવાદી હુમલો થઈ શકે છે. આ તમામ જગ્યા દિલ્હીમાં આઈજીઆઈ વિમાનીમથકની નજીક ચે. આ જગ્યા એરપોર્ટની સરહદી વોલની નજીક છે. આ તમામ જગ્યાએ કોઈ સીસીટીવી કેમેરા લાગેલા નથી. સાથે સાથે પોલીસ પેટ્રોલિગ પણ કરવામાં આવતી નથી જેથી સંવેદનસીલ તરીકે છે. દિલ્હી પોલીસને એવી ચિંતા સતાવી રહી છે કે અહીં કરાચી એરપોર્ટ જેવો હુમલો થઈ શકે છે. આઈજીઆઈ એરપોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે દિલ્હી પોલીસે આ શંકા એરપોર્ટની નજીક ખાલી પડેલી જગ્યાના અભ્યાસ બાદ દર્શાવી છે. દિલ્હી પોલીસે આ સંબંધમાં વિભાગના અધિકારીઓ ઉપરાંત દિલ્હી એરપોર્ટ ચલાવનાર ખાનગી કંપની ડાયલ અને દેશના તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સુરક્ષા માટે સ્તર નક્કી કરનાર સરકારી એજન્સી બ્યુરો ઓફ સિવિલ એવિએશનને પત્ર લખીને જાણ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આઈજીઆઈ એરપોર્ટની નજીક પાંચ જગ્યા એવી છે જ્યાથી એરપોર્ટથી ઓપરેટ થઈ રહેલી કોઈ પણ ફલાઈટને ટાર્ગેટ બનાવી શકાય છે અધિકારીએ આ પાંચ જગ્યાના નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ છે કે આ મામલે દિલ્હી પોલીસે ડાયલ અને બીસીએએસને કહ્યું છે કે તે તરત પાંચ જગ્યા પર મેપિંગ કરાવે તે જરૂરી છે.



## તમામને નવી આરોગ્ય વિમા સ્કીમ હેઠળ ટૂંકમાં જ લેવાશે

### જાન્યુઆરીથી નવી આરોગ્ય વિમા યોજના : રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના નેશનલ હેલ્થ ઇસ્યોરન્સ મિશનના ભાગરૂપે રહેશે : બંનેને મોડેથી મર્જ કરી દેવાશે

નવીદિલ્હી,તા. ૨૩

સરકાર જાન્યુઆરી મહિનામાં નેશનલ હેલ્થ ઈસ્યોરન્સ મિશનને લાગૂ કરવાની યોજના ધરાવે છે. આરોગ્ય વિમા તમામ માટે લાવવા માટે મોદી સરકાર કટિબદ્ધ દેખાઈ રહી છે. પીએમઓ દ્વારા ગયા સપ્તાહમાં જ આ સ્કીમની રૂપરેખા તૈયાર કરી લેવા આરોગ્ય મંત્રાલયને સૂચના આપી હતી. આ ઉપરાંત પ્રવર્તમાન રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજનામાં ફરી સુધારા કરવા માટે પણ આરોગ્ય મંત્રાલયને સૂચના આપવામાં આવી છે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, યુનિવર્સલ કવરેજનો સમાવેશ કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હાલમાં શ્રમ મંત્રાલય દ્વારા મેનેજ કરવામાં આવે છે. આ યોજનાને ટૂંકમાં જ મેનેજ કરવાની જવાબદારી આરોગ્ય મંત્રાલયને સોંપી દેવામાં આવશે. આ અંગેનો નિર્ણય પીએમઓ દ્વારા પહેલાથી જ લેવામાં આવી ચુક્યો છે. બેઠકમાં ઉપસ્થિત રહેલા એક અધિકારીએ આ અંગેની વાત કરતા કહ્યું છે કે, પીએમઓ આ સ્કીમને વધુ અસરકારક રીતે અમલી બનાવવા માટે ઈચ્છુક છે. થોડાક સમય માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના એનએચએએમ અથવા તો નેશનલ હેલ્થ ઈન્સ્યોરન્સ મિશનના ભાગરુપે રહેશે જેને તબક્કાવારરીતે અમલી બનાવવામાં આવનાર છે. મોડેથી બંનેને એક પોલિસીમાં મર્જ કરી દેવામાં આવશે. જો કે, સંપૂર્ણ મર્જરની પ્રક્રિયાને ત્રણ વર્ષનો સમય લાગી શકે છે. લોકોની આરોગ્ય વ્યવસ્થાને સુધારવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય પ્રાથમિકતા આપી રહ્યા છે. સૂત્રોનું કહેવું છે કે, કેબિનેટ સચિવ અને પીએમઓ આ મુદ્દે સતત અપડેટની આપલે કરી રહ્યા છે. ૫૦ જરૂરી દવાઓ ઉપર પણ ધ્યાન આપવામાં આવનાર છે. આરોગ્ય વિમા હેઠળ કેટલીક બાબતોનો સમાવેશ કરવામાં આવશે. નવી આરોગ્ય વિમા સ્કીમ હેઠળ તમામને આવરી લેવાનો હેતુ છે. ચાવીરુપ મેડિકલ સાધનોને પણ આમા આવરી લેવામાં આવશે જેમાં સ્ટેન્ટનો સમાવેશ થાય છે. નવી આરએસબીવાય હેઠળ ગરીબી રેખાના નીચે રહેલા લોકોને આવરી લેવામાં આવશે.

## એક દશકમાં સાક્ષરતાના દરમાં ૧૦ ટકાનો વધારો

### શહેરી વિસ્તારમાં સાક્ષરતાનો દર ૮૪ ટકા : શિક્ષણના સ્તરમાં ઉલ્લેખનીય સુધારો થયો હોવા છતાં અનેક ખામી : દેશભરમાં સાક્ષરતાનો દર ૭૪ ટકા થયો

નવી દિલ્હી, તા. ૨૩

ભારતે છેલ્લા દસ વર્ષના ગાળામાં શિક્ષણના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છેપરંતુ હજુ પણ સમસ્યાઓ અને ખામીઓ સંપૂર્ણપણે દુર થઈ નથી. દેશના સાક્ષરતાના દરમાં ૧૦ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. પરંતુ હજુ પણ ૧૦ પૈકી એક પરિવારમાં કોઈ પણ સાક્ષર સભ્ય નથી. બીજી ાબાજુ દેશના એક તૃતિયાશથી પણ વધારે ઘરમાં સાત વર્ષથી ઉપર ઓછામાં ઓછા ચાર સાક્ષર સભ્ય છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં આ આંકડા સપાટી પર આવ્યા છે. શુક્રવારના દિવસે શિક્ષણના મામલે જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ભારતમાં આવા ૨૪.૮૮ ઘર છે જેમાં ૯.૫૬ કરોડ અથવા તો ૩૮.૪૨ ટકા લોકોમાં ઓછામાં ઓચા ચાર સભ્યો એવા છે જે સાક્ષર છે.

જે લોકો લખતા અને વાંચતા જાણે છે. પરંતુ દેશમાં ૨.૪૨ કરોડ અથવા તો ૯.૭૪ ટકા ઘર એવા છે જેમાં એક પણ સભ્ય સાક્ષર નથી. વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરીની સરખામણીમાં ૩૫.૨૮ ટકા ઘરમાં ચાર સાક્ષર સભ્ય અને ૧૪.૪ ટકા ઘરમાં એક પણ સભ્ય સાંક્ષર ન હતો. ભારતે સાક્ષરતાના દરમાં મોટી સફળતા મેળવી છે.

## સર્વ શિક્ષણ અભિયાનથી સાક્ષરતામાં વધારો થયો

નવી દિલ્હી, તા. ૨૩

શાસ્ત્ર યુનિવર્સિટીના ડીન એસ વિદ્યાસુબ્રમણ્યમે કહ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં સાક્ષરતાના દરમાં વધારો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે. આના માટે સર્વ સિક્ષણ અભિયાન અને સ્કુલોમાં વધારે પ્રમાણમાં નોંધણીને પણ ગણવામાં આવે છે. આ અગાઉ દેશના દુરગામી વિસ્તારોમાં મોટી સંખ્યામાં બાળકો સ્કુલ સુધી પહોંચી શકતા ન હતા. પરંતુ હવે આ મામલે વધારે ધ્યાન આપવામાં આવ્યુ છે. જેના કારણે વધુને વધુ બાળકો સ્કુલમાં પહોંચવા લાગી ગયા છે. સ્કુલી બાળકોને વિવિધ સુવિધાઓ પણ આપવામાં આવી રહી છે. જેનો લાભ પણ મળ્યો છે. શિક્ષણના ક્ષેત્રમાં વિવિધ પગલા લેવામાં આવ્યા છે. આવનાર દિવસોમાં વધુ સફળતા મળે તેવી શક્યતા છે.

## અમેરિકામાં સૌથી વધુ વિદ્યાર્થી મોકલનાર ટેન શહેરોમાં હૈદરાબાદ સૌથી મોખરે

### ટોપ ટેનમાં મુંબઈ અને ચૈન્નાઈનો પણ સમાવેશ : હૈદરાબાદમાંથી ૨૬૨૨૦ વિદ્યાર્થી અમેરિકા પહોંચ્યા : ભારતીયોમાં અમેરિકી ડિગ્રીની હજુ બોલબાલા

મુંબઈ,તા. ૨૩

અમેરિકા જતાં ટોપ ટેક વિદ્યાર્થીઓમાં ભારત પણ સામેલ છે. ચાર ભારતીય શહેરો પણ ટોપ ટેનમાં સામેલ થઈ ગયા છે જેમાં હૈદરાબાદ, મુંબઈ અને ચેન્નાઈનો સમાવેશ થાય છે. અમેરિકન ડિગ્રી માટેની માંગ હજુ પણ ખુબ વધારે રહી છે. ભારતમાં એન્જિનિયરોની અંદર અમેરિકાની માંગ સૌથી વધુ જોવા મળે છે. ચાર ભારતીય શહેરો એવા છે જ્યાંથી અમેરિકન ડિગ્રી મેળવવા માટે સૌથી વધુ વિદ્યાર્થીઓને મોકલવામાં આવે છે. આ ચાર શહેરોમાં હૈદરાબાદ, મુંબઈ, ચેન્નાઈ અને બેંગ્લોરનો સમાવેશ થાય છે. આ બંને દેશોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચે છે. આ ભારતીય ગ્રેજ્યુએટને અમેરિકામાં હવે વધુ ખર્ચ કરવો પડશે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ નવી ઈમિગ્રેશન પોલિસી જાહેર કરી દીધી છે. જેના ભાગરુપે અમેરિકન બેચલર્સ, માસ્ટર્સ અથવા તો ડોક્ટરલ ડિગ્રી મેળવી લીધા બાદ ૨૯ મહિના સુધી અમેરિકામાં ફુલ ટાઈમ કામ કરવાની એફ-૧ વિઝા ધારકોને મંજુરી આપનાર ઓપ્શનલ ટ્રેનિંગ પ્રોગ્રામ વધુ હળવો કરવામાં આવશે.શિક્ષણ માટે અમેરિકા જતાં તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે કેટલીક ચોક્કસ શરતો લાગૂ કરવામાં આવશે. આંકડા દર્શાવે છે કે, જે ચાર શહેરોમાંથી અમેરિકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ગયા છે તેમાં હૈદરાબાદ પ્રથમ સ્થાને છે.

૨૦૦૮-૧૨ વચ્ચેના ગાળામાં હૈદરાબાદ દ્વારા ૨૬૨૨૦ વિદ્યાર્થી મોકલવામાં આવ્યા હતા જ્યારે ૨૦૮૪૦ વિદ્યાર્થીઓએ સ્ટેમ ક્લાસમાં ભાગ લીધો હતો. હૈદરાબાદમાંથી ૯૧ ટકા વિદ્યાર્થી માસ્ટર્સ અને ચાર ટકા બેચલર ડિગ્રી મેળવી રહ્યા છે. આવી જ રીતે મુંબઈમાંથી પણ ૧૭૨૯૪ વિદ્યાર્થીઓને મોકલવામાં આવ્યા હતા. અમેરિકામાં ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે સ્ટેમના ક્ષેત્રમાં એન્જિનિયર સૌથી લોકપ્રિય છે ત્યારબાદ કોમ્પ્યુટર અને ઈન્ફર્મેશન સાયન્સ, બાયોલોજીકલ અને બાયોમેડિકલ સાયન્સની બોલબાલા છે.

## વિદેશી મૂડીરોકાણકારો દ્વારા નવેમ્બર માસમાં ૨૦૦૦૦ કરોડનું રોકાણ

### ઇક્વિટીમાં વિદેશી મૂડીરોકાણકાર દ્વારા ૧૦૭૭૮ કરોડ અને ડેબ્ટમાં ૮૮૭૦ કરોડ રૂપિયા ઠલવાયા છે : અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૩

વૈશ્વિક બજારમાં સારી સ્થિતિના પરિણામ સ્વરુપે આ મહિનાની શરૂઆત બાદથી ભારતીય મૂડીબજારમાં વિદેશી મૂડીરોકાણકારોએ ૨૦૦૦૦ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. સરકાર સુધારા એજન્ડા પર આગળ વધી રહી છે તેવી આશા વચ્ચે મૂડીરોકાણકારો જંગી નાણા ઠાલવી રહ્યા છે. ત્રીજીથી ૨૧મી નવેમ્બર વચ્ચેના ગાળામાં ઈક્વિટી માર્કેટમાં વિદેશી રોકાણકારો દ્વારા ૧૦૭૭૮ કરોડ રૂપિયા અથવા તો ૧.૭૫ અબજ ડોલર ઠાલવવામાં આવ્યા છે જ્યારે ડેબ્ટ માર્કેટમાં વિદેશી રોકાણકારો દ્વારા આ ગાળા દરમિયાન ૮૮૭૦ કરોડ રૂપિયા અથવા તો ૧.૪૪ અબજ ડોલર ઠાલવવામાં આવ્યા છે. આંકડો દર્શાવે છે કે, જંગી રોકાણ વિદેશી મુડીરોકાણકારો કરી રહ્યા છે. વિશ્વના ઘણા દેશો ભારતના અંર્થતંત્રમાં વિશ્વાસ રાખીને આગળ વધી રહ્યા છે. યુરોપિયન સેન્ટ્રલ બોર્ડ ટ્રિમ્યુલસ પગલાની જાહેરાત યુરોઝોનમાં અર્થતંત્રને સજીવન કરવા માટે કરી શકે છે તેવી આશા વચ્ચે જંગી રોકાણ થઈ રહ્યું છે. જાપાન દ્વારા પણ વધારા સ્ટીમ્યુલસ પેકેજની જાહેરાત કરવામાં આવી ચુકી છે.

જાણકાર નિષ્ણાતો માને છે કે, અન્ય ઉભરતા માર્કેટ દેશોની સરખામણીમાં ભારતમાં લિક્વિડીટી પહોંચશે. કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા સુધારા એજન્ડા ઉપર ઝડપથી આગળ વધવાની નીતિ અપનાવવામાં આવી છે. જેના લીધે ફાયદો થઈ રહ્યો છે. આ વર્ષની શરૂઆત બાદથી વિદેશી રોકાણકારોએ ૨.૪ લાખ કરોડ રૂપિયા દેશના સિક્યુરીટી માર્કેટમાં ઠાલવ્યા છે જેમાં ઈક્વિટીમાં ૯૩૦૦૦ કરોડ અને ડેબ્ટ માર્કેટમાં ૧.૪૫ લાખ કરોડનો સમાવેશ થાય છે. નવેમ્બર ૧૯૯૨ બાદથી ડેટાના આધાર પર અનેક વિગત સપાટી પર આવી રહી છે. વર્ષ ૧૯૯૨માં એફઆઈઆઈ દ્વારા ભારતીય બજારમાં રોકાણની શરૂઆત કરવામાં આવી હતી. જુન મહિનાની શરૂઆત બાદથી સબ એકાઉન્ટ્સ અને ક્વાલિફાઈડ ફોરેન ઈન્વેસ્ટરોની સાથે એફઆઈઆઈને ક્લબ કરી દેવામાં આવ્યા બાદ કારોબાર થઈ રહ્યો છે.